# ગાંધીનગરમાં ગ્લોબલ વાયબ્રન્ટ સમિટનો આજથી પ્રારંભ

## પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી, યુએનના ચીફ બાન કી-મૂન, અમેરિકાના જહોન કેરી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે : ૧૦૧ દેશોના મહાનુભાવો, ૧૯૫૮ ઈન્ટરનેશનલ ડેલિગેશન્સ, ૧૦૨ સીઈઓ અને ૧૨૦ સ્પીક-ગેસ્ટ આવશે

ગાંધીનગર, તા.૯

ત્રણ દિવસના પ્રવાસી ભારતીય દિનની ઉજવણી પછી ગુજરાતની સાતમી ગ્લોબલ વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫માં ૧૧મી જાન્યુઆરીથી પ્રારંભ થઈ રહ્યો છે જેમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીફ ગેસ્ટ તરીકે ઉપસ્થિત રહી ગ્લોબલ સમિટનો પ્રારંભ કરશે. આ સમિટમાં ૨૨ હજાર કરતાં વધુ એમઓયુ-ઈન્ટેન્શન ઓફ ઈન્વેસ્ટમેન્ટ થવાની ધારણા છે. ગુજરાતના તત્કાલિન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજયમાં ૨૦૦૩થી ૨૦૧૧ સુધી છ વાયબ્રન્ટ સમિટ કરી હતી, જયારે સાતમી વાયબ્રન્ટ સમિટનું યજમાનપદ રાજયના મહિલા મુખ્યપ્રધાન આનંદીબેન પટેલને મળ્યું છે.

પ્રાઈમ મિનિસ્ટરની સાથે આજે સાંજે અમેરિકાના સેક્રેટરી ઓફ સ્ટેટ જહોન કેરી અને યુનાઈટેડ નેશનના ચીફ બાન કી-મૂન ગુજરાત આવી ગયા છે. ત્રિ-દિવસીય આ સમિટમાં ૧૦૧ દેશોના વડાઓ, બિઝનેસમેન, વિવિધ ઉદ્યોગ પ્રતિનિધિમંડળો સહિત પાંચ હજારથી વધુ ડેલિગેટ્સ ઉપસ્થિત રહેવાના છે. સાતમી વાયબ્રન્ટ સમિટમાં યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકા ગુજરાત સાથે પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાતા આ સમિટમાં યુએસ સાથે ઓસ્ટ્રેલિયા, જાપાન, કેનેડા, નેધરલેન્ડ, સિંગાપોર,



સાઉથ આફ્રિકા અને યુનાઈટેડ કિંગ્ડમ જેવા રાષ્ટ્રો પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાયા છે.

ઉદ્યોગ વિભાગના સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે આ સમિટમાં ૧૦૧ દેશોનું પ્રતિનિધિત્વ જોવા મળશે. ૧૯૫૮ ઈન્ટરનેશનલ ડેલિગેશન્સ હિસ્સો લઈ રહ્યા છે. ૧૩૭ જેટલા ચીફ મિનિસ્ટર-ડિગ્નિટરીઝ, ૭૩ મહત્વના વહીવટી વડાઓ, ૧૦૨ સીઈઓ, ૧૨૦ જનરલ તેમજ ૧૬૪ સ્પીકર અને ગેસ્ટ સહિત દેશ-વિદેશના બિઝનેસમેન આવી રહ્યા છે. સમિટનું મુખ્ય આકર્ષણ બિઝનેસ ટુ બિઝનેસ રહેશે.

યુનાઈટેડ નેશનના સેક્રેટરી જનરલ બાન કી-મૂન આવતીકાલે સવારે આઠ કલાકે અમદાવાદના ગાંધીઆશ્રમની મુલાકાત લઈને મહાત્મા મંદિરમાં આવશે. બપોર પછી તેઓ વડોદરામાં સ્થપાઈ રહેલા નર્મદા કેનાલ બેઝ સોલાર પાવર પ્રોજેક્ટને ખુલ્લો મૂકશે. બીજી તરફ યુએસના સેક્રેટરી ઓફ સ્ટેટ જહોન કેરી પણ તેમના ડેલિગેશન સાથે વાયબ્રન્ટ સમિટમાં હાજરી આપવા ગુજરાત આવી ગયા છે.

વાયબ્રન્ટ સમિટમાં ભાજપના ટોચના કેન્દ્રીય નેતાઓ, કેન્દ્રીય કેબિનેટના મહત્વના પ્રધાનો, રાજયની કેબિનેટ, વહીવટી તંત્રના ટોચના ઓફિસરો, ગુજરાતના પ્રમુખ બિઝનેસમેનો, મુંબઈ અને દિલ્હી સ્થિત વિદેશી એલચી કચેરીના મહાનુભાવો, ભાજપના સંસદસભ્યો તેમજ ધારાસભ્યો પણ હાજર રહેશે. હજી કન્ફર્મેશન મળ્યું નથી પરંતુ ફિલ્મસ્ટાર અમિતાભ બચ્ચન, સલમાનખાન, અજય દેવગણ સહિત બોલિવુડના હિરો તેમજ હિરોઈનોને પણ આમંત્રણ આપવામાં આવેલા છે.

● અનુસંધાન પાન-૭ પર

### ૨૦ દેશોના રાજદૂતો સમિટના ઉદ્‌ઘાટન સમારોહમાં હાજરી આપશે

ગાંધીનગર, તા. ૧૦

કયા દેશના રાજદૂતો અને હાઈકમીશનર વાઈબ્રન્ટ સમીટમાં ઉપસ્થિત રહેશે

| દેશનું નામ | હાઈ કમીશનર રાજદૂતનું નામ |
|---|---|
| અફઘાનીસ્તાન | સાઈદા મોહમ્મદ અબદાલી |
| ઓસ્ટ્રેલીયા | પેટ્રીક સકલીંગ (હાઈકમીશનર) |
| બેહરીન | કેમ્પબેલ ન્યુમેનએમપી |
| બાંગ્લાદેશ | સૈયદ મૌઝમઅલી (હાઈકમીશનર) |
| ભૂતાન | વી.નામગીલ |
| બુરકીના ફાસો | આઈડ્રીસ રૌવા ઔડ્રાંગો |
| ચીલી | એન્ડ્રેસ બૉબે ગોનઝેલસ |
| ફીઝી | યોગેશ જે. કરન (હાઈકમીશનર) |
| ફીનલેન્ડ | આપોપોલરો |
| ફ્રાન્સ | ફ્રાન્કોઈસ રીચર |
| ગેબોન | ડીઝાઈર કોમ્બા |
| ડેન્માર્ક | ફ્રેડી સ્વાને |
| જર્મની | માઈકલ સ્ટેઈનર |
| ઘાના | સેમ્યુલ પેઈનઈનયેલી |
| ઈઝરાયલ | ડેનીયલ કોમોન |
| જાપાન | તકાસીયાગી |
| કેન્યા | ફલોરેન્સ ઈમીસા વીછે (હાઈકમી.) |
| નેધરલેન્ડ | અલફોનસસ સ્ટોલીંગા |
| ન્યુઝીલેન્ડ | ગ્રેહોમ મોરટન |

### ૨૫૦ જેટલા ગ્લોબલ સીઈઓ ગાંધીનગરના મહેમાન બનશે

ગાંધીનગર, તા.૯

ગ્લોબલ સીઈઓ કોન્કલેવમાં ઉપસ્થિત રહેનારા મહાનુભાવોની યાદી આ પ્રમાણે છે-

| | |
|---|---|
| યુએન સેક્રેટરી જનરલ | - બાન કી-મૂન |
| યુએસ સ્ટેટ સેક્રેટરી | - જહોન કેરી |
| ભૂતાન પીએમ | - ટેશેરીંગ ટોબગે |
| વર્લ્ડ બેન્ક પ્રેસિડેન્ટ | - ટીમ યોન્ગ કિમ |
| વોડાફોન સીઈઓ | - વિટ્ટોરિયા કોલાઓ |
| મર્સિડિઝ બેન્ઝ પ્રેસિડેન્ટ | - અજયસિંહ બન્ગા |
| એસએએબી સીઈઓ | - લાર્સ ઓતોફ લિંડગ્રેન |
| ફોર્ડ મોટર્સ વીપી | - ડેવિડ સ્કોચ |
| કેઈન એનર્જી ચેરમેન | - મિશેલ યેજર |
| ઈન્ટેલ ગ્લોબલ વીપી | - જહોન ડેવિસ |
| સ્ટાનચેર ગ્રુપ ઈડી | - જસપાલ બિન્દ્રા |
| રાસગેસ સીઈઓ | - હામિદ રશિદ અલ મોહમદી |
| ટાટા સન્સ ચેરમેન | - સાયરસ મિસ્ત્રી |
| રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ચેરમેન | - મુકેશ અંબાણી |
| ભારતી એન્ટરપ્રાઈઝ ચેરમેન | - સુનિલ મિત્તલ |
| ગોદરેજ ચેરમેન | - અદી ગોદરેજ |
| એચડીએફસી ચેરમેન | - દિપક પારેખ |

ગ્લોબલ સીઈઓ કોન્કલેવમાં ૨૫૦ ડિગ્નિટરીઝ ડિસ્કશન કરવાના હોવાનું ઉદ્યોગ વિભાગના એક અધિકારીએ કહ્યું હતું જેમાંઆ મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે.

### નવ દેશોના વડા પ્રધાન, ગવર્નરો સહિતના નેતાઓ સમિટમાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૧૦

વાઈબ્રન્ટ સમીટમાં કયા દેશના વડાપ્રધાન અને નેતાઓ ઉપસ્થિત રહેશે.

| દેશનું નામ | ડેલીગેટનું નામ | સેક્રેટરી જનરલ |
|---|---|---|
| યુનાઈટેડનેશન | બાન-કી-મુન | સેક્રેટરી જનરલ |
| ભૂતાન | તેસરીંગ ટોળંગે | વડાપ્રધાન |
| પોલેન્ડ | ઝાનુઝ.પીકોસીનકી | નાયબ વડાપ્રધાન અને ઈકોનોમીક મંત્રી |
| રસીયા | એલેકઝાન્ટર ઝીલકીન | ગવર્નર આસ્ટ્રાખાન |
| યુ.એસ. | જ્હોન કેરી | સેક્રેટરી ઓફ સ્ટેટ |
| ઈરાન | અકબર તોરકન | રાષ્ટ્રપતિના મુખ્ય સલાહકાર |
| યુ.એસ. | તેરી મેકઔલફી | ગવર્નર ઓફ વરઝીનીયા |
| મેકેડોનીયા | નીકોલા ગ્રુવેસકી | વડાપ્રધાન |
| રાસઅલખાઈમા | શેખ સાઉદબીન સકરબીન મોહમદ અલકાસીમી | રાસ અલ ખાઈમાના રાજકર્તા |


Kalp Infrastructure Pvt. Ltd. ભાવેશ શાંતિલાલ ચૌહાણ

સરગાસણ - શાહપુર ગીફ્ટ સીટી ૨૦૦ ફુટનાં મેઈન રોડ પર

સુવિધા અનેક પસંદગી માત્ર એક



એક્સક્લુઝીવ લક્ઝુરીયસ, રેસિડેન્સીયલ ફ્લેટની સ્કીમ


Capitol Flora

1 BHK
74 ચો.વારના ફ્લેટ

14.80 થી 16.28 લાખ સુધી

સેમ્પલ હાઉસ રેડી

સુવિધાઓ :
- જિમ્નેશીયમ/ પીટનેશ કલબ
- કિડ્ઝ ઝોન ● જોગર્સ ટ્રેક
- કલબ હાઉસ / સ્પોર્ટસ રૂમ
- બ્યુટીફુલ લેન્ડ સ્કેપીંગ
- વિશાળ ફુલ્લી પાર્કીંગ
- યોગા ઝોન ● ગઝેબો-મીટીંગ પ્લેસ
- વેલ ડેકોરેટીવ એન્ટ્રન્સ વીથ સીક્યુરીટી કેબીન
- એન્ટ્રન્સ ગેઈટ અને ગ્રાઉન્ડ ફ્લોર એરીયામાં સી.સી.ટી.વી. કેમેરા




શહેરના જુના અને જાણીતા
ભાવેશ શાંતિલાલ ચૌહાણ : 9825051256



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

Vibrant GUJARAT 2015 11-13 Jan. The Global Business Hub | 7th Global Summit

# સ્વાગત છે વૈશ્વિક વ્યાપાર કેન્દ્રમાં

**૧૧ થી ૧૩ જાન્યુઆરી, ૨૦૧૫**
**મહાત્મા મંદિર, ગાંધીનગર.**

**વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૫** માં પધારવા માટે અત્રે આપેલ રૂટ મેપને અનુસરવા વિનંતી...

| Pass Holders | Location | Entry From |
|---|---|---|
| Entry and movement for Gold Pass Holders | Mahatma Mandir & IITE SEC-15 | 1A,1B,1C,1D |
| Entry and movement for Silver Pass Holders | Science, Commerce & Art College SEC-15 | 2A |
| Entry and movement for Red Pass Holders | Bh. Hotel Haveli Ch Road | 3A,3B |
| Entry and movement for Blue Pass Holders | Bh. Hotel Haveli Ch Road | 4A,4B |
| Entry and movement for Green Pass Holders | Bh. Udhyog Bhavan & Sec-22 Ground | 5A,5B,5C,5D |




નોટ: મુલાકાતીઓને પોતાનાં વાહનો નિશ્ચિત વિસ્તારોમાં પાર્ક કરવા વિનંતી.
સર્વિસ પાસહોલ્ડર્સ માટે પ્રવેશ ફક્ત ગેટ નંબર ૫ (રેડ અને બ્લૂ એન્ટ્રી) પરથી.

**સુરક્ષા માટેના નિયમો**

**માત્ર સુરક્ષા હેતુસર સહકારની અપેક્ષા સહ**

- સ્થળ પર પ્રવેશ માટે માન્ય આમંત્રણપત્રિકા જરૂરી છે
- આમંત્રણપત્રિકા પર બારકોડ અંકિત છે. આમંત્રણપત્રિકા અન્ય કોઈને હસ્તાંતરપાત્ર નથી
- આપશ્રીને કાર્યક્રમના ૬૦ મિનિટ અગાઉ સ્થાન ગ્રહણ કરવાની નમ્ર વિનંતી છે
- આપશ્રીને કવર સહિત આમંત્રણપત્રિકા લાવવાની તથા સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સાથે રાખવાની નમ્ર વિનંતી છે
- આપશ્રીને આપવામાં આવેલ કાર્યક્રમ માટેનો ''નેમબેજ'' હંમેશાં ગ્રહણ કરેલો રાખશો
- આપશ્રીની સાથે અથવા કારમાં લાવવામાં આવેલ લાઈટર, માચીસ, તીક્ષ્ણ ધારવાળી વસ્તુ, હથિયાર, ફાયર આર્મ્સ, કેમેરા તથા રીમોટ સંચાલિત ઉપકરણ વગેરે વસ્તુઓ કાર્યક્રમના સ્થળે લઈ જવાની મનાઈ છે
- આપશ્રીના કારપાસને ડ્રાઇવર સીટની ડાબી બાજુની વીન્ડ સ્ક્રીન ઉપર અંદરથી લગાવવો અનિવાર્ય છે
- આપશ્રીના પ્રવેશ અને પ્રસ્થાનની વ્યવસ્થા કાર પાસના કલર મુજબ તેમજ આમંત્રણપત્રિકામાં નિર્દેશિત ગેટ દ્વારા કરવામાં આવેલ છે, જેનો અમલ કરી સહકાર આપવા નમ્ર વિનંતી છે
- આપશ્રીને આમંત્રણપત્રિકા મુજબ કલરકોડ વિશિષ્ટ માર્ગદર્શનનું પાલન કરવા નમ્ર વિનંતી છે
- ફોટો સહિતનું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે
- પાર્કિંગથી સમિટ સ્થળ સુધી આવવા - જવા માટેની ફ્રી સગવડ ઉપલબ્ધ છે
- વધુ સ્પષ્ટતા માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૦૦ ૫૦૩૦ પર સંપર્ક કરો

NODAL ORGANISATION: iNDEXTb
PARTNER COUNTRIES: The Netherlands, Canada, UK, Australia, Singapore, South Africa, Japan, USA
PARTNER ORGANISATIONS: JETRO, UK INDIA BUSINESS COUNCIL, USINDIA BusinessCouncil, SUSTAINABLE ENERGY FOR ALL
EXHIBITION PARTNER: K AND D

For more information, log on to www.vibrantgujarat.com
Follow us on : twitter.com/vibrantgujarat | facebook.com/vibrantgujarat